# વિજાપુર તાલુકાનાં સાહિત્યકારો-ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં

## Vijapur talukana sahityakaro aitihasik pariprekshyma

**Rakesh Patel**

Independent Researcher, krishrakesh50@gmail.com

## પ્રસ્તાવના

વિજાપુર તાલુકામાં એવો ગૌરવવંતો ઈતિહાસ છુપાયેલો છે કે જેની જાણ કદાચ આજના વિજાપુર વાસીઓને ના હોય. આ તાલુકાનાં અતિતમાં એવાં કવિઓ, સાહિત્યકારો, સુધારકો તથા શ્રેષ્ઠિઓ થયા હતા કે જેના વિશે અહિં ઉજાગર કરવાનો પ્રયાસ લોકઉપયોગી અને પ્રેરક બની રહેશે. વિજાપુરને કવિઓની ખાણ સમાન ગણાવતા ડૉ.કે.સી.બારોટ 'બ્રહ્મભટ્ટ સંહિતા' નામના ગ્રંથમાં જણાવે છે કે ગુજરાતનાં ભટ્ટ સ્થાનોમાં વિજાપુર અને નડિયાદમાંથી સાહિત્યકારો, કવિઓ અને કલાકારો જેટલા બ્રહ્મભટ્ટો જોવા મળે છે એટલા ભાગ્યે જ બીજા કોઈ ભટ્ટ સ્થાનોમાં જોવા મળશે.[૧] આ બ્રહ્મભટ્ટ કવિઓએ પોતાની કવિત્વ શક્તિથી બીજા રાજ્યોનાં ગામો ઈનામમાં મેળવ્યાં હતા. આ ઉપરાંત અન્ય કેટલાક કવિઓ વિશે આ સંશોધનમાં ઐતિહાસિક દ્રષ્ટિબિંદુથી તેમને ઉજાગર કરવાનો અને સ્થાનિક ઈતિહાસને પ્રસ્તુત કરવાનો એક વિનમ્ર પ્રયાસ કર્યો છે. આ લેખ લખવા માટે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજ દ્વારા લખાયેલ 'વિજાપુર વૃત્તાંત' પુસ્તક ખૂબ ઉપયોગી થઇ પડેલો છે.

## કવિ ગિરધરલાલ અને કવિ જયેષ્ટરાવ

આ બંને કવિઓ ગાઢ મિત્રો હતા. બંનેએ શ્રી અમૃતવિજયજી પાસે અભ્યાસ કર્યો હતો. બંનેની રાજા-રજવાડાઓમાં સારી પ્રતિષ્ઠા હતી. બંને બહારગામ જવાથી માંડીને કાવ્યરચના પણ સાથે કરતાં હતા. તેથી તેઓ જયેષ્ટ-ગિરધરની જોડી તરીકે પ્રસિદ્ધ થયા હતા. કવિ ગિરધરલાલે 'મનોબોધ', 'રાસવિનોદ', અને છૂટક કાવ્યો તથા કવિ જયેષ્ટરાવે 'મણિરત્નમાળા', 'અન્યોક્તિ વિલાસ', 'અવતાર પચ્ચીસી' અને છૂટક

કાવ્યોની રચના કરી હતી. બંનેએ ભેગા મળીને 'કાવ્યેન્દુ ગ્રંથીકા', 'પ્રતાપ યશેન્દુ ચંદ્રિકા', 'ગોપાલ સાગર' અને અન્ય કવિતાઓની રચના કરી હતી.

કવિ ગિરધરલાલે એક રચનામાં કવિઓની લાક્ષણિકતા જણાવી તેમને સ્વમાન કેટલું પ્રિય હોય છે તે વ્યક્ત કર્યું છે.

"તેજબિન રૂપ તૈસે, સનેબિન જૈસે
કૈલબિન કૂપ જૈસે, દેહબિન પ્રાણ હૈ,
પોર્સબિન ભાગ જૈસે, જાતબિન ત્યાગ જૈસે,
કંઠબિન રાગ જૈસે, આંસ્યબિન ધાણ હૈ,
દ્વિજબિન છંદ જૈસે, દેવબિન ઈન્દ જૈસે,
રૈનબિન ચંદ જૈસે, પાયબિન પદત્રાણ હૈ
ગિરધર ભનંત ભૂપ, જાનત સુજાન જાન,
માનબિન દાન જૈસે, પરાધિન પ્રાન હૈ"[૨]

કવિ જયેષ્ટરાવ એક સમયે ગોકુળ, મથુરા જતાં ત્યાનાં પંડ્યાએ કવિ જાણી 'જમના પરસે, જમના પરસે' શબ્દો કહી પાદપૂર્તિનું કાવ્ય રચવા જણાવ્યું. તરત જ આ શીઘ્રકવિ જયેષ્ટરાવ બોલી ઉઠેલા કે,

"તમનાશનહાર હુકી તુનજા, શમના અઘઓઘ, સમી સરસેં,
કવિ જયેષ્ટ કહે જિનકે જલકી દ્યુતિ નીલમણી સરસી દરશેં,
જિનકે જલ મેં તન ધોવનકું, તનુજા સબ દેવનકી તલસેં,
ભ્રમણા તજી ગાત ભિગવાહુ રે જમના પરસે જમના પરસે"

અર્થાત અંધકારનો નાશ કરનાર સુર્યની પુત્રી જમુના નદી છે. તેમાં સ્નાન કરવાથી પાપના સમૂહનો તે નાશ કરનારી છે. જમુનાનું પાણી સહજ શ્યામરંગનું હોવાથી કવિ જયેષ્ટ કહે છે કે જેના પાણીની દ્યુતિ (સ્વરૂપ) નીલમ રત્ન સરખી દીસે છે. જેના પાણીમાં સ્નાન કરવા માટે દેવ કન્યાઓ પણ તલસે છે. માટે હે જગતનાં લોકો ! તમે ભ્રમણાઓ છોડી દઈને આ યમુના નદીના નીરમાં સ્નાન કરો. આ યમુના

નદીનો સ્પર્શ તો તમને મૃત્યુ વખતે જમ(યમરાજ)નો સ્પર્શ થશે નહી, અર્થાત તમે મરણ પછી સ્વર્ગમાં જશો.[૩]

કવિ ગિરધરલાલે અને કવિ જયેષ્ટરાવ બંનેએ રચેલી રચના 'કાવ્યેન્દુ ગ્રંથીકા' મહીકાંઠા એજન્સીના માલપુરના રાવળ શ્રી શિવસિંહજીને અર્પણ કરી હતી. તેથી તેમણે ખુશ થઈને સંવત ૧૯૨૩ના ફાગણ વદ પાંચમનાં રોજ તામ્રપત્ર ઉપર એક સનદ તૈયાર કરી માલપુર તાલુકાનું ખુમાણપુર ઉર્ફે ગણેશખાંટનું મુવાડુ ઈનામ તરીકે આપ્યું હતું.

આ બંને કવિઓએ રચેલા 'પ્રતાપ સાગર' ગ્રંથમાંથી ખુશ થઈ રેવાકાંઠા એજન્સીના સૂંથ(સંતરામપુર) રાણા પ્રતાપસિંહ તરફથી તેમને 'લક્ષપસાવ' (લક્ષપસાવની કિંમત જુદા-જુદા સમયે જુદી-જુદી અંકાય છે. ડૉ.એલ.પી.ટેસીટોરી અનુસાર લક્ષપસાવ એટલે રૂ.એક હજાર રોકડા, એક હાથી, એક હાથણી, બે ઘોડ, મોતીની માળા એટલી ચીજોનો દરમાયો)કરી પગમાં સોનાનો દાગીનો અને 'તલાદરો' નામનું ગામ બક્ષીસમાં આપ્યું હતું.[૪]

વિજાપુર તાલુકાના જ કવિ મીર મુરાદે પોતાના સમકાલીન આ બંને કવિઓની કવિત્વ શક્તિને અંજલી આપતું 'ગિરધરભાઈ-જેઠાભાઈ કવિત્ત' રચ્યું છે.

"ચંદ હુકી જ્યોત આગે દમકંત ખદ્યોત કહાં
દિનકર ઉદ્યોત આગે, દીપક કહાં ધારબો?
શંકર કે આગે એક મંત્ર હી સુનાયા જાય
જા કે ધન્વંતર આગે ઔષધ બતાઈ બો
નિષ્ટ બુદ્ધિવાલે સો વિચાર કહાં કરી શકે
ગિરધર ઔર જ્યેષ્ટ આગે કાવ્યો કો ઉચ્ચારબો.[૫]

**<u>કવિ ભગવાનદાસ લખાભાઈ બારોટ</u>**

કવિ ભગવાનદાસનાં પિતા લખાભાઈને ઈડરના રાજાએ વાડોલ ગામ ઈનામમાં આપ્યું હતું. ભગવાનદાસ વિશે 'દલપતકાવ્ય'માં ફાર્બસ વિલાસના અંક-૮ માંથી માહિતી મળે છે, જેનો કેટલોક અંશ[૬]

સાહેબ: આ કોણ આવે છે?

દલપત: એ વિજાપુરનાં બારોટ ભગવાનદાસ છે. એમના ભાઈ ડુંગર બારોટ સારા કવિ અને ભક્ત રાજ થઈ ગયા. તેનાં બનાવેલા ગુજરાતી ભાષામાં જુદા-જુદા રાગના સારા પદ છે, અને આ બારોટને કવિતા બોલવાનો અને વાતો કહીને સરદારોને રીઝવવાનો માવરો છે. તથા જામીનગીરી કરે છે તેથી ઘણું ખરૂ સાદરા રહેવું પડે છે.

પછી બારોટ આવીને સલામ કરીને ઉભા રહ્યા.

સાહેબ: બારોટ તમારે કેટલા દિકરા છે? તે શું કામ કરે છે?

ભગવાન: મારો મોટો દિકરો લેંબો ઈડરના મહારાજ સાહેબની હજૂરમાં નોકરી કરે છે અને બીજો મંગળદાસ છે તે આપની કીર્તિ સાંભળીને હવે કવિતાનાં ગ્રંથોનો અભ્યાસ કરે છે. તેનામા કવિતા શક્તિ છે. ત્રીજો ભાઈબા છે તે પણ એવું ધારે છે કે પરદેશ જઈને પણ કવિતાનો ખુબ અભ્યાસ કરુ જો તેને પ્રભુ જીવતો રાખશે તો તે સારો કવિ થશે. એવી આશા છે.

સાહેબ: વાદ-વિવાદ કરતા અંતે કોણ હારે? એ વિશે કવિતા આવડતી હોય તો બોલો.

ભગવાન: ગઈ રાતે ભવાયા રમ્યા. તેમાં એક સરદારનો અને એક ફકડ(રંગલો)નો વેશ આવ્યો હતો. પછી તે ફકડને પેલો સરદાર પકડવા ગયો એવામાં ફકડના પાયજામાનું નાડુ સરદારના હાથમાં આવ્યું. તેની ગાંઠ છુટી ગઈ અને પાયજામો પડી જવા લાગ્યો ત્યારે સરદારે કહ્યુ નાડુ બાંધ. ફકડે કહ્યુ તુ એમ બોલ, હે રંગલા બાપ, નાડુ બાંધ તો હુ નાડુ બાંધીશ નહી તો નહી બાંધુ. પછી સરદારે તેને બાપ કહેવાની ના પાડી. પણ વાદ-વિવાદ કરતા અંતે સરદારે હારીને તેને બાપ કહ્યો, ત્યારે ફકડે ખુશ થઈને નાડુ બાંધ્યુ. તે વિશે

**મનહર છંદ**

ફકડને પકડવા શાણો સરદાર જતાં,
નાડુ છુટ્યુ ફકડનું ત્યાં પેલો પોકારે છે,
ફકડ કહે તુ મને બાપ કહે તો જ બાંધુ,
નહિ તો ન બાંધુ તેની શરમ તો તારે છે,
મનાવતાં બીજી રીતે માને નહી તેનુ મન,
બાંધ બાપ નાડુ અંતે એમ તે ઉચ્ચારે છે,
દાખે દલપતરામ દેખી લ્યો તે દાખલાથી
નિર્લજ જીતે, અંતે લાજવંત હારે છે.

આ કવિને ઈડર નરેશ કેશરીસિંહ તરફથી ખુરશીનું માન તા-૫/૧૦/૧૮૯૫માં એનાયત કરવામાં આવ્યું હતુ.[૭]

## ભાઈબા ભગવાનદાસ બારોટ

વિજાપુરના બારોટ ભાઈબા ભગવાનદાસને મહીકાંઠા એજન્સીનાં મોહનપુર તાલુકા તરફથી દર વર્ષે રૂ.૨૫ની રકમ આપવામાં આવતી હતી.[૮]

## મંગલદાસ ચતુર્ભુજ

મંગલદાસને કવિતાનાં ગુણો વારસામાં મળ્યાં હતા. તેઓ ગુજરાતી અને હિન્દી બંને ભાષામાં કાવ્યોની રચના કરવામાં કુશળ હતા. તેઓ ‘સંતજન’નાં ઉપનામથી કવિતાઓ રચતા હતા. તેમણે ‘મંગલ કીર્તન’, ‘કીર્તનસંગ્રહ’, ‘કીર્તનજ્યોતિ’, ‘શક્તિસ્તવન’, ‘સંત સમાગમ ભાગ ૧ થી ૫’, ‘શ્રીનાથજી અવધૂત લીલા’, ‘શામળીયા શતક’ કાવ્યસંગ્રહોની રચના કરી. તેમણે સંતરામપુર રાજ્યનાં રાજકુમાર પ્રવીણસિંહજીની સ્મૃતિમાં ભજનો અને કવિતાઓનો ‘અંતરના સૂર’ નામનો સંગ્રહ રચ્યો હતો. આ ઉપરાંત વૈદકનો શોખ હોવાથી ‘વૈદ્ય પ્રભા’ પુસ્તકની રચના કરી હતી.

મંગલ કીર્તન કાવ્ય સંગ્રહમાં ગુજરાતી અને હિન્દી બંને રૂપકો આપ્યા છે. તેના ઉદાહરણાર્થે એક કાવ્ય[૯]

ક્યોં આતે નહી ?

બંસી બજાને વાલે કનૈયા, દેકે બચન ક્યોં આતે નહી ?
અનુપમ સૂર વો જ્ઞાન ગીતા કે, ક્યોં હમ હરદમ સુનાતે નહી ? –બંસી.
નૈન દિલ પ્યાસે તુમ્હારી, દિવ્ય દર્શન કે લીયે
અમી નજર સેં પાન અમી કે, પલ પલ ક્યોં હમકો પીલાતે નહી ? –બંસી.
મોહ વશ અજ્ઞાન છાયા, આજ તવ સંતાન મેં
જ્ઞાનરવિસેં મોહ તિમિર વો, ક્યોં બેગી આપ ઉઠાતે નહી ? –બંસી.
ગૌધન તુમ્હારા આજ કૈસેં, કષ્ટિ વૃષ્ટિ કો સહે,
દયા કા ગિરિવરધર કે ઉપર, ક્યોં ઉનકો આકે બચાતે નહી ? –બંસી.
સકલ તવ સમાન દેખો, હોકે પ્રમાદીઓ રહે,
સ્ફુર્તિ સબ ઉર દેકર સુખકર, ક્યોં ઉનક આકે ઉઠાતે નહી ? –બંસી.
'સંતજન' શ્રી સદગુરૂ કે, શર્ણ તવ સમીકરણ કરે,
'મંગલ' ઓચ્છવ હિંદ ભરમેં, ક્યોં આગે જૈસા મચાતે નહી ? –બંસી.

આ કવિએ સત્યાગ્રહ અને ખાદીનાં પ્રચાર-પ્રસાર અર્થે પણ કાવ્યો રચ્યા હતા. આ અંગેનું એક કાવ્ય.[૧૦]

**સજો અંગે સૌ ખાદી**

વાત સમજો ને સાદી, કાજ હિંદ દેશની આબાદી,
આદિને અનાદિની આ, સજો અંગે સૌ ખાદી
ફેશનના ફંદે થયા સઘળા બેભાન એથી
સર્વે પરે બોજો, પ્રજા અન્ય રહી લાદી … વાત …
સંયમનો મંત્ર સાચેરો શીખવતી ખાદી

અંતરમાં સર્વે લખી રાખજો એ બધી યાદી … વાત …
સદગુરૂને ચર્ણ સર્ણ 'સંતજન' વંદે છે.
અનુભવીને ઓળખ્યોથી પામ્યો આઝાદી …
વાત સમજોને સાદી, કાજ હિંદ દેશની આઝાદી …

મંગલદાસ ચતુર્ભુજનું બહુમાન વડોદરા રાજ્યનાં મહારાજ પ્રતાપસિંહરાવ ગાયકવાડે કર્યું હતુ.

## બારોટ દામોદરદાસ મહોબતસિંગ

તેઓ વ્રજભાષામાં કાવ્યો રચતા હતા તેમને ઈડર રાજ્ય તરફથી સુરપુરનામનું ગામ બક્ષીસમાં આપવામાં આવ્યું હતુ. આ ઉપરાંત પાલખી અને હાથી પણ આપવામાં આવ્યા હતા.[૧૧] દામોદરદાસનાં પુત્ર મોહનલાલ પણ વ્રજભાષાનાં સારા કવિ હતા.

## બ્રહ્મભટ્ટ વ્રજલાલ કવિ

આ કવિએ 'અન્યોક્તિ ઉલ્લાસ', 'બોધવિલાસ', 'ભજનાવલી', 'રસિકાનંદ', 'વ્રજભાષામાં નામ માલાની ટીકા', 'અનેકાર્થ કોષની ટીકા', 'રૂપદિપક પિંગલ ગ્રંથની ટીકા', 'ચમત્કારચંદ્રિકાની ટીકા' અને 'વ્રજરાંગ બાવનીની' રચના કરી છે.

## બારોટ ડુંગર

આ કવિએ ગુજરાતી ભાષામાં જુદા-જુદા પદની રચનાં કરી છે. તેમણે નિર્ગુણી અને સગુણી કવિતાઓ રચી છે, તેઓ રામ સ્નેહી પંથનાં હતા.

## કવિ બહેચર જસાજી

આ કવિને માલપુર રાજ્ય તરફથી પીપલાણું ગામ ઈનામમાં મળ્યું હતુ.

## કેવળ તેલી

આ કવિ પિલવાઈ ગામનાં વતની હતા. તેમણે ગુજરાતી, હિંદીમાં કાવ્યોની રચના કરી છે. તેમણે ભવાઈના ઝંડા ઝુલણનાં રેખતા, છંદ, કવિત્ત વગેરે બનાવ્યા છે. ઉદાહરણ તરીકે[૧૨]

**ઝંડાનાં પલંગનું વર્ણન**

સવા લક્ષકો પલંગ, વાકો પચરંગી રંગ,
પાયા કંચન કા ચાર, બડી દેખને કી બાર,
આઠ પાસીયા અનુપ, ઉપૈ મોતન કી ખૂં
દોનું ચાંદકી ઈસ, રતન જડીયાં દસવીસ,
કેસર છાંટી પાટી, સુંદર દીની આંટી,
કીનખાપ કી તલાઈ, બીજ બાજ બાદલ મેં છાઈ,
એતા કહે ઘર ગઈ, બાત કેવલ ને કઈ.

કવિ કેવળ તેલીએ રચેલા કાવ્યની કેટલીક પંક્તિઓ[૧૩]

ગુરૂ ઘરકુ આયે બલ્લા હોકર ધાયે,
ઋષિ સરાપ દીનો, ભંગ સહ્સ્ર કીનો,
ઉમિયાજી કે આગે, શિવ નાચન લાગે,
ઐસા બડા બડા દેવ, કરે કામની કી સેવ,
કરે દેવતા પીહાર કહાં જુલન કા ભાર,
કહે કેવલ જ્ઞાની બાત સબ ને માની.

## મીર મુરાદ

મીર કાવ્ય પરંપરામાં મીર મુરાદનું નામ નોંધપાત્ર છે. તેમનો જન્મ વિજાપુર તાલુકાનાં પીલવાઈ ગામમાં થયો હતો. આ માહિતી તેમની રચના 'ગરુડ હનુમાન સંવાદ'માં પોતાની જન્મભૂમિનાં ઉલ્લેખ પરથી કહી શકાય. આ રચનામાં જણાવ્યું છે કે,

"ધરા ગુર્જર શુભધામ, ગામ પીલવાઈ ગજંધર,
જહાં ચૌહાનકો ઠાઠ, આઠમો જામ સમંદર"

મીર મુરાદ મીર ગુલાબનાં પુત્ર હતા. તેઓ મિરાસી જાતિનાં શિયા સંપ્રદાયના મુસલમાન હતા. આ કવિની જ્ઞાતિ અને ધર્મ વિશે ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે.

"મૈં મોમિન મિરાસી મુસલમાન હું
ખુદા તેરી કુદરત પે કુરબાન હું"

કવિ મુરાદનું કદ ઠીંગણુ હતું શારિરીક સ્વાસ્થયની પ્રતિકૂળતાને લીધે તેમને પરિભ્રમણમાં કષ્ટનો અનુભવ થતો હતો. 'ભગવાન કો ઉલ્લાહના' રચનામાં તેઓ જણાવે છે.[૧૪]

રૂપ બિના કોઈ ભૂપ ન માનત,
સો ભગવંત મુઝે નહી દીનો,
કરમ બિના ભટકાવત કાયફ,
જોર દિયો ન, કિયો બલ હીનો,
છિટોસિ કિયો કદ સે કુન કારન,
મૈં તેરા ગામ-ગરાસ નહી લીનો,
કહત મુરાદ સોચ મીટાવત
કુન ઔગુન મૈં તેરા કીનો ?

કવિ મુરાદની રચનાઓમાં 'બોધ-બહત્તરી', 'ગરુડ હનુમાન સંવાદ', 'બંદગી-બંધ', 'સૂમ-દાતાર સંવાદ', 'ગુણવાણી-વિલાસ', 'જ્ઞાન-ચેતાવની', 'કડકબત્તીસી', 'કવિત્તસંગ્રહ', 'પદસંગ્રહ', 'ભગવાન કો ઉલ્લાહના', અને પ્રકીર્ણ રચનાઓનો સમાવેશ થાય છે. જે કુંડલીયા, રેખત્તા, ખ્યાલ, દોહા, સવૈયા, કવિત્ત વગેરેમાં રચાયેલા છે.

તેઓ હિંદી ઉપરાંત કચ્છી, ગુજરાતી, મારવાડી, ઉર્દૂ વગેરે શબ્દોનો સમન્વય સાધીને એમની કાવ્યકલાને સાચી હિન્દુસ્તાની બનાવી દીધી છે. એમની કલમની કરામતનું એક દ્રષ્ટાંત[૧૫]

ખુદા ખેલ કરતા, કિસી સે ન ડરતા,
કોઈ મોત મરતા, કિસી કો જલાતા,
કિસી કો હૈ ઘોડા, કિસી પાંવ ખોડા,
કિસી કો ન જોડા, પિયાદા ચલાતા,
કોઈ રોજ પાતા, કોઈ માંગ ખાતા,
કિસી કો હસાતા, કિસી કો રુલાતા,
મુરાદ કહે મૈને સહી કર કે દેખા,
ખુદાને સો કિયા અકલ મેં ન આતા.

માણસાના ઠાકોર રાજસિંહને ઉદબોધન કરીને રચાયેલી રચના 'રાજસિંહજી કવિત્ત'માં તેમની દાનશીલતાની અત્યંત પ્રશંસા કરી છે.

"કવિયન કે આનનસે, કાનનસે સુની બાત,
કલયુગ મેં કર્ણ ફીર, જનમ ધર આયો,
નૈંનો કી માનૂં બાત, બિન દેખે રીત ભાત,
કુન નામ, કુન ગામ, કુન રાજ પાયો હૈ ?
માના ગઢ ચંદ અરૂ નંદ ભીમસંગજી કો
કહત કવિત્ત વાકો દરદ મિટાયો હૈ,
આજ મહારાજ રાજસિંહ ભેટ હુઈ
નૈનકો-કનનકો ઝગરો મિટાયો હૈ"[૧૬]

'શેરખાન દિવાન કો અરજી' નામની રચના પાલનપુરના નવાબ શેરમહમદખાનજીને ઉદેશીને રચી છે. નવાબના ત્યાં લગ્ન પ્રસંગે યાચક બનીને કવિ ગયા અને કેટલાક દિવસો સુધી રાહ જોવી પડી અને કઈ પણ મળ્યું નહી ત્યારે અરજીપત્રરૂપે કવિ મીર મુરાદે આ છંદ લખી મોકલ્યો હતો.

"અરજી હમારી શેરખાનજી દિવાન આગે
ચાહત હમેશ આપકી હી બોલબાલા હૈ

માંગે બિના માત નહીં દેત યું જહાન કહે,
આપકો હજૂર સબ બાતેં હૈ ખયાલ મેં
રાત પડે આઉ, ફિર હાથ સે પકાય ખાઉં,
ચીજ ભાવ ઢૂંઢ, લાઉં કહાં સે અંધેરે મેં ?
અમર રહો ગાદી પર શાદી કો નાયો
અબ તો હજૂર ઘભરાયો ધર્મશાલા મેં !”[૧૭]

## **શ્રીમદ્ બુધ્ધિસાગરસૂરિશ્વર મહારાજ**

આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિનો જન્મ સં ૧૯૩૦માં વિજાપુરમાં પાટીદાર કોમમાં થયો હતો. તેમનું બાળપણનું નામ બેચર હતું. તેમનાં પિતાનું નામ શીવાભાઈ અને માતાનું નામ અંબાબાઈ હતું. બાળપણથી જ તેજસ્વીતા ધરાવનાર બેચર અહિંસા અને જૈન સંતોનાં સંપર્કોથી જૈન ધર્મ અંગિકાર કર્યો. સં ૧૯૫૭માં પાલનપુરમાં દિક્ષા મેળવી. સં ૧૯૭૦માં આચાર્ય પદવી પેથાપુરમાં મેળવી. સં ૧૯૮૧માં દેહોત્સર્ગ થયો.

આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન ધર્મના એક મહાન શાસ્ત્રવિશારદ અને યોગનિષ્ઠ આચાર્ય હતા. તેઓ કવિ તત્વજ્ઞ વક્તા લેખક વિદ્વાન યોગી અને અવધૂત હતા. એમની જીવનદ્રષ્ટિ સારગ્રાહી અને ગુણાનુરાગી હતી. તેઓ પોતાના ઉપદેશ આચરણ અને લેખન દ્વારા વીતરાગપંથનું પ્રતિપાદન કરતા. એમણે લગભગ ૧૨૫ જેટલા વિવેચનાત્મક કે સંપાદિત, ગદ્ય અને પદ્યાત્મક તેમજ સંસ્કૃત ભાષામાં ગ્રંથો લખ્યા છે. સમાજજીવનમાં બાળલગ્ન, કન્યાવિક્રય, વિધવાવિવાહ, મરણોત્તર-ક્રિયા વગેરેમાં એમના વિચાર સુધારકના હતા. રાષ્ટ્રજીવનમાં ગાંધીજીના રાજદ્વારી વિચારોની છાપ તેમના સાહિત્યમાં જોવા મળે છે.[૧૮] તેમના જીવનની સંયમયાત્રાનો સમય ૨૪ વર્ષ જેટલો હતો. તેમને યોગસાધના, સાહિત્યસર્જન અને સમાજસેવાના કાર્યો કર્યાં હતા. પ્રાંતિજ અને વિજાપુરમાં હરિજન બાળકો માટે શાળાઓ બનાવરાવી હતી. વિજાપુરમાં તેમના અગ્નિસંસ્કારના સ્થાને તેમના પરિવારના ગચ્છાધિપતિ

આચાર્યશ્રી સુબોધસાગર સૂરીશ્વરજીએ બનાવેલ સમાધિ મંદિર આ મહાન પુરૂષનાં પુનિત સ્મરણોને સંઘરી રહ્યું છે.[૧૯]

આમ, વિજાપુર તાલુકો સાહિત્યકારોની જન્મ ભુમિ બનવાનું બહુમાન પ્રાપ્ત કરી શકે છે, આ તાલુકાની આવી વિરલ વ્યક્તિઓથી વિજાપુરની પ્રજા અજાણ છે, પરંતુ વિજાપુરનાં સાહિત્યરસિકો આવા સર્જકોનું ગૌરવ લે છે જે આનંદની વાત છે. વિજાપુરે આવા પ્રખર સર્જકો આપ્યા છે. આ કવિઓએ જે કાવ્યોનું સર્જન કર્યું છે તેમાં તેમની સાહિત્યનાં ક્ષેત્રની ઊંડી સૂઝ અને તેમનામાં રહેલ કવિત્વને ઉજાગર કરે છે.

**પાદનોંધ:-**

૧. બારોટ કે.સી, બ્રહ્મભટ્ટ સંહિતા, ગુજરાત બ્રહ્મભટ્ટ મહાસભા, મહાકાંત બેઝમેન્ટ, વી.એસ.હોસ્પિટલની સામે, પ્રથમ આવૃત્તિ, અમદાવાદ, ૧૯૯૬, પૃ.૨૦૬.

૨. એજન, પૃ.૧૬૯.

3. બ્રહ્મભટ્ટ ડાહ્યાભાઈ અંબાલાલ, 'મહેસાણા જિલ્લાની લોકકથાઓ', 'પ્રજારાજ વિશેષાંક', જિલ્લા કોંગ્રેસ સમિતી, મહેસાણા, પ્રથમ સંસ્કરણ, ૧૯૬૧, પૃ.૨૬,૨૭.

૪. બારોટ કે.સી, પૂર્વોક્ત.૧, પૃ.૧૬૯.

૫. મહેતા ચંદ્રકાન્ત, 'લોક કવિ મીરમુરાદ', રામબારી, ભદ્ર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૯, પૃ.૮૨.

૬. દલપતરામ ડાહ્યાભાઈ, 'દલપત કાવ્ય પુસ્તક ૧લું', યુનિયન પ્રેસ, મુંબઈ, ૧૮૭૯, પૃ.૨૩૪,૨૩૫.

૭. "શ્રીમદબુધ્ધિસાગર સૂરિશ્વરમહારાજ",ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ,મુંબઈ, દ્વિતીય આવૃત્તિ, ઈ.સ.૧૯૨૫, પૃ.૧૨૧.

૮. દામોદરદાસ રેવાદાસ, 'જમીન જાગીરનો ભોમ્યો', ધી સૂર્યપ્રકાશ પ્રિંન્ટીગપ્રેસ, પાનકોર નાકા, અમદાવાદ, ઈ.સ.૧૯૨૭, પૃ.૧૭૩.

૯. સોની કચરાલાલ સવજીભાઈ, 'ગુજરાતના પ્રાચીન અને અર્વાચીન સાહિત્યકારો', 'મહોત્સવ ગ્રંથ', શ્રી ફાર્બસ ગુજરાતી સભા', મુંબઈ, ઈ.સ.૧૯૪૦, પૃ.૩૩૯.

૧૦. બારોટ કે.સી, પૂર્વોક્ત.૧, પૃ.૨૧૩.

૧૧. "શ્રીમદબુધ્ધિસાગરસૂરિશ્વરમહારાજ", ગુજરાત વિજાપુર (વિદ્યાપુર) બૃહદવૃત્તાંત, પૂર્વોક્ત.૭, પૃ.૧૦૯.

૧૨. સોની કચરાલાલ સવજીભાઈ, પૂર્વોક્ત.૯, પૃ.૩૩૮.

૧૩. વિહોલ પ્રહલાદસિંહ સી, 'પિલવાઈના રત્નો', 'વિહોલવાડનું એક પુષ્પ પિલવાઈ', તા-વિજાપુર, જિ-મહેસાણા, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૯-૯૦, પૃ.૨૬.

१४. महेता चन्द्रकांत, मीर काव्य परमपरा एवं गुजरात का जनकवि मीर मुराद, हिन्दी भाषा और साहित्य के विकास में गजरात का योगदान, हिन्दी साहित्य परिषद, अहमदाबाद, १९८५,पृ-२४२-२४३

૧૫. મહેતા ચંદ્રકાન્ત, 'લોક કવિ મીર મુરાદ', પૂર્વોક્ત.૫, પૃ.૪.

૧૬. એજન, પૃ.૧૨,૧૩.

૧૭. એજન, પૃ.૫, ૮૨.

૧૮. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર અને પરીખ પ્રવીણચંદ્ર ચિમનલાલ(સંપા), 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ', પૃ.૩૫૪.

૧૯. 'ધરતીનો ધબકાર', દોલતભટ્ટ, રવિપૂર્તિ, ગુજરાત સમાચાર, તા.૧૫/૦૬/૨૦૧૪, પૃ.૧૨.